PHONES:
220228/230068
MO: 9428518890/9624630068
E-mail : dptco123@gmail.com
Website https://dpthakker.com/

D. P. THAKKER & CO.
D. P. THAKKER & BROS.
TAX ADVOCATES
SHREE KUNJ, STATION ROAD,
PATAN (N.G.)

---

તારીખ : ૨૭/૦૯/૨૦૨૪

ભાઈશ્રી,

**ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ A.Y. ૨૦૨૫-૨૬ નું નવું બજેટ નવી પાર્લામેન્ટ માં તારીખ ૨૩/૦૭/૨૦૨૪ ના રોજ રજુ થયેલું તે સુધારા વધારા સાથે મંજુર થઈ ને કાયદો બની ગયું છે એટલે ઇન્કમટેક્ષ કાયદામાં અગત્યના જે ફેરફાર થયા છે તે સમજવા જરૂરી છે જે નીચે પ્રમાણે છે :-.**

(૧) TDS ની જે જોગવાઈ અમલ માં છે તે તારીખ ૦૧/૧૦/૨૦૨૪ થી તે જ પ્રમાણે નીચેના ફેરફાર સાથે અમલમાં રહેશે.:-

| **કલમ** | **ચુકવણી નો પ્રકાર તથા નિયત મર્યાદા** | **તા.૧/૧૦/૨૦૨૪ થી TDS ના દર** |
|---|---|---|
| 194H | **કમીશન/દલાલી વાર્ષિક રૂ.૧૫૦૦૦/- થી વધુ ચુકવવામાં આવેતો** | **૨ %** |
| 194IB | ઓડીટપાત્ર ન હોય તેવી વ્યક્તિ કે HUF જો રેસિડેન્ટ ને જમીન/મકાન/ફર્નિચર ફિટિંગ્સનું માસિક ભાડું રૂ. ૫૦૦૦૦/- થી વધુ રકમ નું ચૂકવે અને PAN હોયતો...<br>જો PAN ના હોય તો... | ૨%<br>૨૦% |
| 194M | ટેક્ષ ઓડિટ ને પાત્ર ના હોય તેવી વ્યક્તિ કે HUF કોઈપણ રેસીડન્ટ ને વર્ષ દરમિયાન કોન્ટ્રાક્ટ હેઠળ કે પ્રોફેશનલ સેવા માટે કમિશન કે બ્રોકરેજ ની રૂ. ૫૦ લાખથી વધુ ચુકવણી કરે અને PAN હોય તો.......<br>જો PAN ના હોય તો..... | ૨%<br>૨૦% |

**(૨) કેપિટલ ગેઇનના ફેરફારો:**

**(૧) કેપીટલ ગેઇન બે પ્રકારના છે. (૧) શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન અને (૨) લોંગ ટર્મ કેપિટલ ગેઇન**

**(૨) શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન એવી મિલ્કત ઉપર લાગે છે જે ધારણ કરવાની સમય મર્યાદા ૧૨ મહિનાથી ઓછી છે.**

**(3) લોંગ ટર્મ કેપિટલ ગેઇન માટે મિલ્કત ધારણ કરવાના સમયની મર્યાદા નીચે પ્રમાણે છે :-**

D.P.THAKKER & CO.

| મીલ્કતનો પ્રકાર | લોગ ટર્મ મિલ્કત તરીકે ગણાવવા માટે મિલ્કત ધારણ કરવાના સમયની મર્યાદા | | | |
|---|---|---|---|---|
| | તા.૨૨/૦૭/૨૦૨૪ સુધી (મહિના) | | તા.૨૩/૦૭/૨૦૨૪ થી (મહિના) | |
| | લીસ્ટેડ | અન લીસ્ટેડ | લીસ્ટેડ | અન લીસ્ટેડ |
| (૧) ઈક્વીટી શેર | ૧૨ | ૨૪ | ૧૨ | ૨૪ |
| (૨) પ્રેફરન્સ શેર | ૧૨ | ૨૪ | ૧૨ | ૨૪ |
| (3) ઇક્વિટી ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ | ૧૨ | ૨૪ | ૧૨ | ૨૪ |
| (૪) UTI યુનિટ્સ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |
| (૫) બિઝનેસ ટ્રસ્ટ ના યુનિટસ | ૩૬ | ૩૬ | ૧૨ | ૨૪ |
| (૬) અન્ય યુનિટ્સ | ૩૬ | ૩૬ | ૧૨ | ૨૪ |
| (૭) ડિબેન્ચર્સ | ૧૨ | ૩૬ | ૧૨ | સમય મર્યાદા જોયા સિવાય ટુકા ગાળાનો નફો ગણાશે.. |
| (૮) ગવર્મેન્ટ સિક્યુરીટીઝ | ૧૨ | ૩૬ | ૧૨ | ૨૪ |
| (૯) ઝીરો કુપન બોન્ડ્સ | ૧૨ | ૩૬ | ૧૨ | ૧૨ |
| (૧૦) અન્ય બોન્ડ્સ | ૧૨ | ૩૬ | ૧૨ | સમય મર્યાદા જોયા સિવાય ટુકા ગાળાનો નફો ગણાશે |
| (૧૧) ઉપર જણાવ્યા સિવાય અન્ય કોઈ જામીનગીરી | ૧૨ | ૩૬ | ૧૨ | ૨૪ |
| (૧૨) સ્થાવર મિલ્કત-જમીન-પ્લોટ- બિલ્ડીગ | ૨૪ | | ૨૪ | |
| (૧૩) અન્ય તમામ મૂડી રૂપી મિલકતો –સોનું ચાંદી દાગીના-હીરા-ઝવેરાત વિગેરે. | ૩૬ | | ૨૪ | |

**નોધ:- (૧) ધંધાકીય મિલ્કત ઉપર ઘસારો બાદ માંગેલ હોય તે મિલ્કત ગમે તેટલા સમય માટે ધારણ કરેલ હોય તો પણ શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ગણાશે.**

(૪) શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ઉપર **૨૦%** ઇન્કમટેક્ષ લાગશે જયારે લોંગ ટર્મ કેપિટલ ગેઇન ઉપર **૧૨.૫%** ઇન્કમટેક્ષ લાગશે અને નિયમ મુજબ બંને ઉપર સરચાર્જ અને સેસ લાગશે.

(૫) તારીખ ૨૩/૦૭/૨૦૨૪ થી સ્થાવર મિલ્કતના વેચાણ ઉપર થતાં લોંગ ટર્મ કેપીટલ ગેઇન માટે રેસીડન્ટ ઈન્ડીવીડયુઅલ (અંગત) અને HUF ના કેસમાં નીચે મુજબ ભરવાપાત્ર ટેક્ષની ગણતરી થશે.

D.P. THAKKER & CO.

**તારીખ ૨૩/૦૭/૨૦૨૪ અગાઉ ખરીદેલી મિલ્કત ના વેચાણ ઉપર ઉદભવતાં લોંગ ટર્મ કેપીટલ ગેઇન માટે ઇન્ડેકસેસન સાથે ૨૦% ના દર ની જોગવાઈ પ્રમાણે તથા ઇન્ડેકસેસન ના લાભ વગર ૧૨.૫૦% ના દર ની જોગવાઈ પ્રમાણે ટેક્ષની ગણતરી કરી જે વિકલ્પમાં ટેક્ષ ઓછો ભરવાનો થતો હોય તે પ્રમાણે ટેક્ષ લાગશે.**

(૬) અત્યાર સુધી STT પાત્ર EQUITY SHARE તથા EQUITY ORINTED MUTUAL FUND ના વેચાણ નો લોંગ ટર્મ કેપિટલ ગેઇન Rs. ૧ લાખ સુધી માફ હતો તે લીમીટ હવે વધારીને તારીખ ૨૩/૦૭/૨૦૨૪ થી Rs. ૧,૨૫,000/- કરી છે.

(૭) લોંગ ટર્મ કેપીટલ ગેઇન ના રોકાણ માટેની કલમ 54, કલમ 54B, 54EE, તથા 54F હેઠળ ની જોગવાઈ માં કોઈ ફેરફાર થયેલ નથી.

(3) (૧) તા. ૨૨/૦૭/૨૦૨૪ સુધી કંપની પોતાના શેર Buy Back કરે તેના ઉપર ટેક્ષ કંપની ને ભરવો પડતો હતો. તેમાં તા.૨૩/૦૭/૨૦૨૪ થી ફેરફાર કરેલ છે તે પ્રમાણે હવે કંપની જે શેર Buy Back કરીને શેરહોલ્ડરને રકમ ચુકવે તે રકમ શેરહોલ્ડરના કેસમાં ડીવીડન્ડની આવક ગણાશે જેના ઉપર શેરહોલ્ડરે તેના પર્સનલ કેસમાં ટેક્ષ ભરવો પડશે.

(૨) કંપની જે શેર Buy Back કરે તે શેર શેરહોલ્ડરે જયારે ખરીદ કરેલા હોય ત્યારે જે કિંમત ચુકવેલી હોય તે રકમ શેર હોલ્ડરના કેસમાં કેપીટલ લોસ ગણાશે. જે કેપીટલ ગેઈન ની આવક સામે બાદ મળશે.

**(૪) ઇન્કમટેક્ષ ના દર :-**

**(૧) જૂની સ્કીમ હેઠળ કપાત કરમુક્તિના લાભ લઈ શકાશે અને આવક ઉપર ટેક્ષ ના દર જે ગયા વર્ષ માટે હતા તેમાં કોઈ ફેરફાર નથી.**

**(૨) નવી સ્કીમ હેઠળ A.Y. ૨૦૨૫-૨૬ માટે પ્રથમ બે ટેક્ષના દરમાં નીચે પ્રમાણે ફેરફાર કરેલો છે:-**

| | |
|---|---|
| (૧) પ્રથમ રૂા. 3,00,000સુધી | માફ |
| (૨) રૂા. 3,00,000/ થી રૂા.૭,00,000/-સુધી | ૫% + ૪% હેલ્થ એજ્યુ સેસ |
| (૩) રૂા.૭,00,000/-થી રૂા. ૧૦,00,000/- સુધી | ૧0% + ૪% હેલ્થ એજ્યુ સેસ. |
| બાકીના સ્લેબ ના ટેક્ષના દર જે છે તેમાં કોઈ ફેરફાર નથી | |

(૫) વધુમાં નવી સ્કીમ હેઠળ પગારની આવક ઉપર સ્ટાન્ડર્ડ ડિડક્શન જે રૂા.૫0,000/- બાદ મળતું હતું તે વધારીને રૂા.૭૫,000/- કરેલ છે અને ફેમીલી પેન્શન જે રૂા.૧૫,000/- બાદ મળતું હતું તે પણ વધારીને રૂા.૨૫,000/-કરેલ છે.

D P THAKER & CO.

(૬) ભાગીદારી પેઢીના કેસમાં વર્કીંગ પાર્ટનરો ને આપી શકાતા પગાર ની જોગવાઈ માં નીચે પ્રમાણે ફેરફાર કરેલ છે તે પ્રમાણે ચાલુ વર્ષથી વર્કીંગ પાર્ટનરો નો પગાર નીચે પ્રમાણે બાદ મળશે.:-

| **બુક પ્રોફિટ ની રકમ** | **પગાર ની રકમ** |
|---|---|
| **(૧) પ્રથમ રૂા. ૬,૦૦,૦૦૦/- સુધી** | **રૂ. ૩,૦૦,૦૦૦/- અથવા ૯૦% પ્રમાણે ની રકમ બે માંથી જે વધુ હોય તે** |
| **(૨) રૂા. ૬,૦૦,૦૦૦/થી વધુ ની રકમ ઉપર** | **બુક પ્રોફીટના ૬૦% સુધી** |

(૭) ભાગીદારી પેઢીના કેસમાં તા.૦૧/૦૪/૨૦૨૫ થી અગત્યનો નવો સુધારો કરેલ છે તે પ્રમાણે ભાગીદારી પેઢીના વર્કીંગ પાર્ટનર ખાતે રૂા.૨૦,૦૦૦/- થી વધુ રકમ નો પગાર-વ્યાજ કમીશન જમા કરવામાં આવે કે ચૂકવવામાં આવે ત્યારે તેના ઉપર ૧૦% TDS કરવાની નવી જોગવાઈ કરેલ છે.

(૮) ભાગીદારીપેઢી/ LLP તથા પ્રાઈવેટ લીમીટેડ કંપની /ડોમેસ્ટીક પબ્લિક લીમીટેડ કંપની અને કો-ઓપરેટીવ સોસાયટીના ઇન્કમટેક્ષ ના દરમાં કોઈ ફેરફાર નથી.

(૯) TCS ની જે જોગવાઈ અમલમાં છે તે તારીખ ૦૧/૧૦/૨૦૨૪ થી તે જ પ્રમાણે અમલમાં રહે છે. તેમાં કોઈ ફેરફાર નથી.

(૧૦) ઇન્કમટેક્ષ સર્ચ ના કેસ માટે બ્લોક એસેસમેન્ટ ની નવી જોગવાઈ તથા બીજા જે ફેરફાર થયા છે તેની માહિતી હવે પછીના સરક્યુલર માં આપીશું.

(૧૧) વિવાદ સે વિશ્વાસ ની નવી યોજના દાખલ કરી છે તે હેઠળ ૨૦૨૦ પછી ઉભી થયેલી ટેક્ષની ડીમાન્ડ માટે તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી અરજી કરી કાર્યવાહી કરવાથી વ્યાજ અને પેનલ્ટી માં રાહત આપેલી છે. તે માટે જે વેપારીઓના કેસમાં એસેસમેન્ટમાં એડીસન થયેલ હોય અને અપીલમાં કેસ પેન્ડીગ હોય તેમને અમને રૂબરૂ પૂછવું. ઉપરોક્ત માહિતી સિવાય અન્ય કોઈ માહિતીની જરૂર હોય તો રૂબરૂ સમ્પર્ક કરવો.

કુશળ હશો.

લી.

ધીરુભાઈ – કનુભાઈ

પીયુષભાઇ – નીખીલભાઈ

D.P.THAKKER & CO.